Seat No. : _______________

# DR-109

**December-2025**

**B.A., Sem.-III**

**CC-203 : Gujarati**

(મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ભાગ-1)

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશેષતાઓ અને મર્યાદાઓનો વિગતે પરિચય કરાવો. **14**

**અથવા**

1. બંને વિશે નોંધ લખો : **14**
   (1) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ભક્તિ પ્રવાહ
   (2) મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતા

2. પ્રાગ-નરસિંહયુગના જૈન તેમજ જૈનેતર સાહિત્યનો પરિચય કરાવો. **14**

**અથવા**

2. નીચેનામાંથી કોઈપણ બે કૃતિઓની વિવેચનાત્મક નોંધ લખો : **14**
   (1) ભરતેશ્વરબાહુબલિ રાસ
   (2) હંસાઉલિ
   (3) વસંતવિલાસ
   (4) નેમિનાથ ફાગુ

3. કોઈપણ એક સર્જકની સમગ્ર સાહિત્ય સેવાનું મૂલ્યાંકન કરો : **14**
   (1) નરસિંહ મહેતા
   (2) ભાલણ

4. નીચેનામાંથી કોઈપણ બે વિશે ટૂંકી નોંધ લખો : **14**
   (1) રાસ : સાહિત્ય સ્વરૂપ
   (2) ધીરાની કાફી
   (3) ભોજાનું જીવન અને ચાબખા
   (4) મધ્યકાળનું ગદ્યસાહિત્ય

5. નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોમાંથી કોઈપણ સાતના યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો : **14**
   (1) મધ્યકાળનું મોટાભાગનું સાહિત્ય હજી કેવી સ્થિતિમાં સચવાયેલું પડ્યું છે ?
       (a) જૈન કવિઓ પાસે (b) અંગ્રેજો પાસે
       (c) પુસ્તકોમાં (d) હસ્તપ્રતોમાં

(2) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના આરંભકાળમાં કયા રાજાઓનો રાજ્યકાળ હતો ?

(a) સોલંકી-વાઘેલા (b) મુસલમાન

(c) મરાઠા (d) અંગ્રેજ

(3) નીચેનામાંથી કયા બે કવિઓ જ્ઞાનમાર્ગી ધારાના નથી ?

(a) નરસિંહ મહેતા – અખો (b) મીરાંબાઈ – શામળ

(c) પ્રીતમ – માંડણ બંધારો (d) બૂટો – નિરાંત

(4) નરસિંહ પૂર્વેના યુગને નીચેનામાંથી કયું નામ આપવામાં આવ્યું નથી ?

(a) નરસિંહ યુગ (b) પ્રાગ નરસિંહ યુગ

(c) જૈન યુગ (d) રાસ યુગ

(5) નીચેનામાંથી કઈ કૃતિ અજ્ઞાત કવિની છે ?

(a) વસંતવિલાસ (b) જીનચંદ્રસૂરિ ફાગુ

(c) હંસાઉલિ (d) (a) અને (b) બંને

(6) ‘રામવિવાહ આખ્યાન’ના કવિનું નામ શું છે ?

(a) નરસિંહ મહેતા (b) નાકર

(c) ભાલણ (d) પ્રેમાનંદ

(7) નીચેનામાંથી કઈ પંક્તિ મીરાંબાઈની છે ?

(a) ‘જળકમળ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે’

(b) ‘ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મલોકમાં નાહી રે’

(c) ‘પ્રાણિયા ! ભજી લેને કિરતાર, આ તો સપનું છે સંસાર’

(d) આપેલ ‘a’, ‘b’ અને ‘c’ ત્રણમાંથી એકેય નહિ

(8) નીચેના સર્જક અને જન્મસ્થળમાંથી કયું જોડકું ખોટું છે ?

(a) નરસિંહ મહેતા – તળાજા (b) મીરાંબાઈ – ધંધુકા

(c) ભાલણ – પાટણ (d) (b) અને (c) બંને ખોટાં

(9) નીચેનામાંથી કયા કવિએ બાણભટ્ટ બનવાનો અભિલાષ સેવ્યો હતો ?

(a) ભાલણ (b) નરસિંહ મહેતા

(c) માણિક્યસુંદર સૂરિ (d) આપેલ ત્રણમાંથી એકેય નહિ

(10) નીચેનામાંથી પદનું મુખ્ય લક્ષણ કયું છે ?

(a) ઊર્મિપ્રધાનતા (b) વિચારપ્રધાનતા

(c) પાત્રપ્રધાનતા (d) વસ્તુપ્રધાનતા

(11) નીચેનામાંથી કયો સાહિત્ય પ્રકાર પ્રાગ નરસિંહયુગમાં લખાયો નથી ?

(a) બારમાસી (b) રાસ

(c) ફાગુ (d) આખ્યાન

(12) ભોજો ભગત જન્મથી માંડી કેટલાં વર્ષ સુધી દૂધ ઉપર રહ્યો હતો ?

(a) બાર (b) તેર

(c) પંદર (d) વીસ